વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૦ : અંક - ૯-૧૦ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જૂન-૬, ૨૨ ૨૦૨૨

# 'સેવા'માં નાના અને સીમાંત ખેડૂબેનો તેમજ ખેતમજૂર બહેનોએ ઉજવેલ વિશ્વ પર્યાવરણ દિવસની ઝલક...

**મહેસાણા જિલ્લો:** વિશ્વ પર્યાવરણ દિવસ એ એક અમારા માટે તો અભિયાન છે. દર વર્ષે પાંચમી જૂનના દિવસે અમે અમારા જિલ્લામાં કરીએ છીએ. પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. પર્યાવરણ દિવસની ઉજવણી કરવાનો હેતુ વાતાવરણને શુદ્ધ રાખવું અને પૃથ્વી પર રહેતા જીવને ટકાવી રાખવાનો હોય છે. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ભારતમાં વિવિધ જગ્યાએ કરવામાં આવે છે. જેમ કે સ્કૂલો, આંગણવાડી, ગામમાં જાહેર સ્થળે, લોકો તેમના ઘર અને ખેતરમાં પણ કરતાં હોય છે. આ દિવસે પર્યાવરણના મહત્વ માટે જાગૃતિ લાવવામાં આવે છે સાથે-સાથે વૃક્ષો વાવીને તેની ઉજવણી પણ કરતાં હોય છે. પાંચમી જૂનના દિવસે વૃક્ષો વાવીને તેનું ચિત્ર દોરીને તેના વિશે લખાણ લખીને તેની ઉજવણી કરતાં હોય છે. પૃથ્વી પર રહેતા જીવોને ટકાવી રાખવા વાયુ અને પાણી ખૂબ જ જરૂરી છે, જેથી શુદ્ધ વાતાવરણ માટે વૃક્ષો મહત્વના છે અને મીઠું પાણી મેળવવા માટે વરસાદ ખૂબ જરૂરી છે. એટલા માટે પણ વૃક્ષો વાવવા જરૂરી છે. ''વૃક્ષો વાવી કરો પર્યાવરણની સુરક્ષા ત્યારે થશે તમારા જીવનની રક્ષા'', આ છે અમારું રોજનું ગીત...

ગણેશપુરા ગામના ખેતમજૂર બેનની દીકરી પૂજા કહે, પર્યાવરણ એટલે આપણી આસપાસનું વાતાવરણ સ્વસ્થ અને વૃક્ષો એ ધરતીની શોભા છે. તેના પાન હવામાના ઝેરી વાયુને શોષે છે અને પ્રાણવાયુને છોડે છે જે આપણા માટે ખૂબ મહત્વનું છે. જે વખતે કોરોનાની મહામારી ચાલતી હતી તે વખતે વૃક્ષોનો ઉપયોગ બહુ થયો હતો. આપણને વૃક્ષો ઘણા ઉપયોગી છે. એક વાત ખાસ કહું છું કે, આપણે આપણા દરેક કામમાં પ્લાસ્ટીકની થેલીનો ઉપયોગ ના કરવો અને કાપડની થેલીનો ઉપયોગ કરવો જોઈએ.

પર્યાવરણ દિવસ એ 'સેવા' સંગઠન માટે કંઈ નવું નથી. કેમ કે, 'સેવા'માં આપણે વર્ષોથી વનીકરણ અને પર્યાવરણનું કામ કરીએ જ છીએ પણ, એક આંતરરાષ્ટ્રીય પર્યાવરણ દિવસ જેના માધ્યમ થકી 'સેવા' દ્વારા આપણે વધારે લોકો સુધી જાગૃતિ આવે અને અત્યારના બગડતા જતાં વાતાવરણમાં થોડો સુધાર લાવવા માટે આપણે આપણો ચોક્કસ ફાળો આપીએ અને વધુ વૃક્ષો વાવો ને એક ઝૂંબેશ તરીકે લઈ ગામોમાં ગ્રામસભા, એરિયા મિટીંગ અને રેલી દ્વારા વધુમાં વધુ સભ્યો સુધી પહોંચીએ શરૂઆત આપણા પોતાના જ ઘર કે ગામથી કરીએ તો ચોક્કસ બીજા લોકોને પણ પ્રેરણા મળશે અને બધા જોડાશે અને એક સાંકળ બનશે.

**• મીતા શ્રીમાળી**

**છોટાઉદેપુર:** પર્યાવરણ એટલે આસપાસનું વાતાવરણ સ્વસ્થ્ય જીવન માટે પર્યાવરણ શુદ્ધ તે વાત અત્યંત મહત્વની છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસથી ફુલાતા માનવી સમક્ષ પર્યાવરણની સુરક્ષાનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે. જો પર્યાવરણની સુરક્ષા માટે સમયસર પગલાં ભરવામાં નહી આવે તો વાતાવરણને શુદ્ધ રાખવું મુશ્કેલ થઈ

પડશે. વીસમી સદીમાં અનેક ઉદ્યોગો શરૂ થયા તેના રસાયણો, ધુમાડો, કોલસાની ઝીણી રજકણો વગેરેને કારણે હવા પ્રદૂષિત થાય છે. ગેસ લિકેજની સમસ્યા સર્જાતા ભોપાલ ગેસ હોનારત જેવી મોટી જાનહાની થઇ હતી અને હાહાકાર મચી ગયો હતો. આજે અવાજનું પ્રદૂષણ પણ દિવસે દિવસે વધતું જાય છે. માનવી મોજશોખની વસ્તુઓ મેળવવા માટે પર્યાવરણનો નાશ કરે છે. દંતૂશળ મેળવવા તે હાથીઓનો શિકાર કરે છે. મુલાયમ રૂવાંટીવાળુ પર્સ બનાવવા મુગા પ્રાણીઓ જેવા કે, સસલાનો શિકાર કરે છે. જંગલોમાંથી વૃક્ષો કપાતાં જંગલી પ્રાણીઓની સુરક્ષા ઘટી ગઇ છે. એવું લાગે છે કે મહા ભયાનક વિશ્વ-યુદ્ધોમાંથી પણ માનવીએ કોઇ બોધ લીધો નથી. આજે વિશ્વના દેશોમાં પોતાની લશ્કરી તાકાત વધારવાની-હોડ લાગી છે. શક્તિશાળી રાષ્ટ્રો અણુ અખતરા કરે છે. તેનાથી પણ પ્રદૂષણ વધે છે જેના લીધે માનવીના સ્વાસ્થ્ય પર ઘણી અસર થાય છે. આજે અનાજનું ઉત્પાદન વધારવા માટે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો બેફામ ઉપયોગ થાય છે. પરિણામે અનાજ અને શાકભાજીમાં પણ અગાઉ જેવાં રસકસ રહ્યાં નથી. વધતા જતાં વાહનોનાં ધુમાડા અને ઘોંઘાટ પણ હવાનું અને અવાજનું પ્રદૂષણ વધારે છે.

મારું નામ કપીલા રાઠવા છે. હું ખોસ ધનસુરા ગામ, છોટાઉદેપુરની રહેવાસી છું. મારી ઉંમર ૪૦ વર્ષની છે. ૫ વર્ષથી ‘સેવા’માં સભ્ય તરીકે જોડાયેલી છું. આજે ૫મી જૂન પર્યાવરણ દિવસની ઉજવણી અમે બાળકો સાથે વૃક્ષારોપણ કરીને કરી. અમે દર વર્ષે બે-ત્રણ વૃક્ષો વાવીએ છીએ, પણ બરાબર તપતો ઉનાળા શરૂ થાય ને પાણીની ખૂબ અછત પડે, તેમ છતાં અમે વૃક્ષોનું જતન રાખીએ છીએ. છોડના થડમાં માટલુ મૂકીને, માટલામાં નાનુ કાણું પાડીને સુતળી ભરાવીએ અને તેમાં પાણી ભરી મૂકીએ એટલે છોડને પાણી મળી રહે આમ છોડ વિકાસ પામે છે. વધારે તડકો પડે તો પણ આ રીતનો ઉપયોગ કરીએ છીએ તો છોડને પાણી મળી રહે છે અને છોડમાંથી ઘટાદાર વૃક્ષ વિકસે છે.

બાળકોને વૃક્ષોનું મહત્વ સમજાવતા કહીએ છીએ કે, આપણે તડકાથી બચવા વૃક્ષોના છાયડામાં ઊભા રહીને થાક ખાઇએ, વૃક્ષ ફળ આપે અને લાકડા પણ આપે છે. લાકડાનો ઉપયોગ માણસ જીવે ત્યાં સુધી કરતાં હોય છે છેલ્લે મરણ પછી એ જ લાકડા બાળવાના ઉપયોગમાં લેતા હોય છે. સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશશ્લેષણની ક્રિયા દ્વારા આપણને ઑક્સિજન પૂરો પાડે છે અને પોતે કાર્બન ડાયોક્સાઇડ લે છે તો જીવન જીવવા માટે પણ વૃક્ષો ઉછેર કરવા ખૂબ જરૂરી છે.

આજે વિશ્વ પર્યાવરણ દિને છોટાઉદેપુરમાં સૌએ સાથે મળીને પર્યાવરણ દિનની ઉજવણી કરી. મારું નામ રંજનબેન પરમાર છે. હું છેલ્લા દસ વર્ષથી ‘સેવા’માં આગેવાન છું. મેં વાઘેલા ગામમાં બહેનો અને બાળકોને સાપ સીડીની રમત દ્વારા પર્યાવરણનું સંરક્ષણ કરવું જરૂરી છે તે સમજાવ્યું અને આપણા જીવનમાં હવા અને પાણીની કેટલી જરૂરિયાત છે તે સમજાવ્યું કે એ વૃક્ષ ના હોય તો આપણને શુદ્ધ હવા અને જીવન જરૂરિયાત માટે પણ લાકડુ જરૂરી છે તેમજ પાણીનો પણ બગાડ ના કરવો જોઇએ કેમ કે, જળ છે તો જીવન છે. જો આપણે પાણીનો બગાડ થતો બંધ નહી કરીએ તો આપણને આજે જે પાણીની અછત પડે છે. તો જતે દિવસે પાણીની તકલીફ ઊભી થાય છે. તેમજ વૃક્ષનું પણ જતન કરવું જોઇએ. એક ઝાડ કાપીએ તો બીજા પાંચ ઝાડ વાવવા જોઇએ જેથી કરી ઝાડની સંખ્યા વધે અને આપણને શુદ્ધ હવા અને તાજા ફળો ખાવા મળી રહે.

• **પૂર્ણિમા**

**ગાંધીનગર જિલ્લોઃ** વિશ્વ પર્યાવરણ દિવસ એટકે પ્રાકૃતિના જતનનો દિવસ. અત્યારે હાલ- દિવસે- દિવસે ગરમીનું પ્રમાણ વધતું જાય છે તેમજ દિવસે દિવસે રોડ સાઇડ બળતણ માટે લાકડા કપાઇ રહ્યાં છે. આમ વૃક્ષો ઓછા થઇ ગયાં છે અને હવામાનમાં ફેરફાર થયા કરે છે. માટે તમે એક વૃક્ષ કાપો તેની સામે પાંચ વૃક્ષો વાવતા રહો. આપણા પૂર્વજો કહેતાં હતાં કે, જે આંબો વાવે તેની કેરી તેની ત્રીજી પેઢી ખાય, દાદા વાવે ને દીકરા ખાય. અત્યારે આપણે આમાં પણ વૈજ્ઞાનિક ઢબે કલમો કરીને આગળ વધ્યાં છીએ અને બાગાયતી વૃક્ષો વાવીએ છીએ.

વૃક્ષો ખરેખર પરોપકારી છે. તે આપણને ઑક્સિજન આપે છે. વૃક્ષો એ પક્ષીઓની ધર્મશાળા છે. વૃક્ષનો ઉપયોગ જીવનના દરેક તબક્કે થાય છે. બાળક જન્મે છે ત્યારે, નાની ખાટલી, પારણું પણ લાકડાનું હોય છે. મોટા થઇને ખાટલાનો ઉપયોગ થાય છે, ઘડપણમાં લાકડીના સહારાની જરૂર પડે છે અને છેલ્લે માણસ મરણ પામે ત્યારે પણ ઠાઠડી અથવા પાલખી પણ લાકડાની વપરાય છે. માટે ગીતમાં લખાયેલું છે કે, ‘‘હાથે લકડી, સાથે લકડી, દેખ તમાશા લકડી કા’’.

આ દિવસ સમગ્ર વિશ્વ માટે ખૂબ જ મહત્વનો દિવસ

છે. અત્યારે હાલની સ્થિતિમાં સમગ્ર જીવ સૃષ્ટિ મોટી મુશ્કેલીમાં મૂકાયું છે. આખું વિશ્વ આજે પ્રદૂષણથી ગંભીર રીતે ઘેરાયેલું છે. આપણા વડવાઓ ક્યારેય પણ એવું નહોતા વિચારતા કે, ઝાડ પાડીશું તો જ આપણે ખેતરમાં વધારે પાકનું ઉત્પાદન કરીશું, ઝાડના લીધે પાકને નુકશાન થશે એવું ક્યારેય પણ નહોતા માનતા. એ તો એવું સમજતા હતા કે, ચોર ખાય, મોર ખાય, અને વધે એ ધણીનું. આવું સમજીને ખેતી કરતાં અને ઘરના વાડામાં ખેતરના શેઢે તેમજ ગામમાં કે ચરામાં, ગોચરમાં જ્યાં જગ્યા હોય ત્યાં ભોળા ભાવે છોડવો રોપી દેતા અને તે ઝાડ ઉગતું ત્યારે જે-તે વ્યક્તિના નામથી જ ઓળખાતું અને ત્યારબાદ વચ્ચેનો સમય એવો આવ્યો કે લોકો સારો નફો મેળવવા વધારે ઉત્પાદનની લાલચ તેમજ મોટા વ્યાપાર-ધંધાની લાલચમાં જમીન પરનાં વૃક્ષો કપાવવા લાગ્યા. જોત-જોતામાં વૃક્ષો અને જંગલો નાશ પામ્યા અને હાલની પરિસ્થિતિ ખૂબ જ ગંભીર બની ગઇ. આપણે જોઇએ છીએ કે વરસાદ જોઇએ એટલો આવતો નથી. અનિયમિત અને નુકશાન કારક ગરમી પણ વધી ગઇ છે. આના લીધે પાણી ખેતી માટે તો ઠીક પણ પીવા માટે પણ મોટી સમસ્યા છે. આમ જીવસૃષ્ટિ માટે આ ખૂબ જ ગંભીર બાબત છે. આના લીધે મોંઘવારી વધતી જાય છે. જોઇએ તેવા કામ-ધંધા લોકોની પાસે છે નહી અને સાથે સાથે બિમારીનું પ્રમાણ પણ વધતું જાય છે માટે આપણે સૌ પાછા ફરીથી એક વાર ૧૦૦ વર્ષ (પાછળ) જવાની જરૂર છે. પર્યાવરણ માટે એટલે કે, વધુને વધુ વૃક્ષો વાવી જતન કરીએ અને આપણા જીવોનું રક્ષણ કરીએ અને આવનાર પેઢીને સુખી અને સલામતી ભર્યુ જીવન પ્રદાન કરીએ.

ગાંધીનગર જિલ્લાના ભૂતેશ્વરી ગામના સરોજબેન કહે, મારા ઘરની આજુબાજુ વધારે જગ્યા હોવાથી મેં લીંબુડી, જાંબુ, બોર, આંબો, ચીકુ, જામફળ અને શાકભાજીમાં રીગણ ઉગાડયા છે. તેથી શાકભાજી તાજુ અને દવા વગરનું ખાતર મળી રહે, ફળો પણ બહારથી લાવીને ખાવા તેના કરતાં જગ્યા છે એટલે ઘરના ફળો સારા તાજા ખાઇ શકીએ માટે ઝાડ રોપ્યા છે.

આ કલમી લીંબુનો રોપો દૂધ મંડળીમાંથી વિના મૂલ્યે મળ્યો હતો. લીંબોળીનો કલમી રોપો દોઢ ફૂટનો હતો અત્યારે બે વર્ષે લીંબુનો ઘર પૂરતો વપરાશ થાય છે અને પડોશીને પણ આપુ છું. ખેતરમાં પણ મારે ૪ આંબામાં કેરી આવે છે અને રાયણ, નિલગીરી, મીઠો લીમડો, પપૈયા પણ છે. મારા ઘર આગણે ૨૦થી ૩૦ વર્ષ જુના લીમડાના ઝાડ છે, જેની ચોખ્ખી કુદરતી હવા મળી રહે છે.

''વિશ્વ પર્યાવરણ દિન'' એ આપણા સૌના માટે સ્વચ્છ અને શુદ્ધ પર્યાવરણ. આપણે આપણી આસપાસના વાતાવરણને શુદ્ધ બનાવવું જોઇએ. વધુ વૃક્ષો તાજગી લાવે, સમૃદ્ધિ લાવે અને જીવનલક્ષી ઑક્સિજન પૂરો પાડે છે. આપણે આપણા જીવનમાં ધ્યેય રાખવું કે વૃક્ષોનું જતન કરવું. મનુષ્ય માટે વૃક્ષોનો ઉછેર કરવો એ મહત્વની બાબત છે. જેમ આપણે જન્મથી બાળકનો ઉછેર કરીએ તેવી જ રીતે આજના દિને વૃક્ષો રોપી નિયમિત જતન કરીએ. ''પહેલું સુખ તે જાતે નર્યા'' આપણી ખેતી ઝૂંબેશ દ્વારા ઘણી તાલીમો લઇને અવનવા રોપા ઉછેર અને પ્લાન્ટેશન દ્વારા પણ રોપ ઉછેર કરી માટી, પાણી, ખાતર ઉમેરતા જઇએ. ''વૃક્ષો વાવો જીવન બચાવો''એ માત્ર સૂત્ર નથી, પણ આજના સોહામણા દિવસે આ જવાબદારી દરેક વ્યક્તિએ નિભાવવી જોઇએ.

• **તારા**

**કચ્છ જિલ્લો:** પર્યાવરણ દિવસ નિમિતે કચ્છ જિલ્લાના અબડાસા, લખપત, નખત્રાણા તાલુકાના ગામોમાં આગેવાન બહેનો અને સભ્ય બહેનો દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

સૌ બહેનો, બાળકો અને ઓફિસ ટીમ દ્વારા આંગણવાડી, સ્કૂલ, મંદિર આવી અનેક જગ્યા પર જઈને લીમડો, સરગવો, ભીંડી, જાસૂદ, મીઠો લીમડો, જાંબુ, લીંબુ વગેરે જેવા છોડ વાવ્યા. વૃક્ષો ઝેરી પ્રદૂષણ શોષી લે છે અને ઑક્સિજન આપે છે. જે આપણે કોરોનામાં પણ અનુભવ્યું એથી જ વધારે વૃક્ષો વાવી વરસાદને પણ લાવીએ અને ગરમીને પણ ઘટાડીએ.

દિવસે ને દિવસે વૃક્ષો કપાય છે અને જંગલોનો નાશ થાય છે જેથી વાતાવરણમાં બદલાવ આવે છે અને જેના કારણે તાપમાનમાં વધારો થાય છે અનિયમિત વરસાદ આવે છે જેની અસર ખેતી પર થાય છે. તેથી આપણે સૌને એક સંદેશો આપીએ છીએ કે, વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરીએ, એની માવજત અને એનો ઉછેર થાય જેમ આપણે આપણા બાળકનો કાળજીપૂર્વક ઉછેર કરીએ તેવી જ રીતે વૃક્ષોનો પણ

કાળજીપૂર્વક ઉછેર કરવો જોઈએ, એવો સભ્ય બહેનોને સંકલ્પ કર્યો.

• ગીતા સીતાપરા

**અમદાવાદ જિલ્લો:** ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસે જે સભ્ય, આગેવાન બહેનોની મિટીંગમાં શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે જળ, જમીન અને જંગલ છે તો આપણે છીએ.

પર્યાવરણ શબ્દના બે અર્થ થાય છે. પર્યા+આવરણ આપણી આસપાસનું સ્વચ્છ વાતાવરણ હોવુ ખૂબ જરૂરી છે. હવા, પાણી, જમીન, પશુ-પક્ષી અને વૃક્ષો આ બધાનો સમાવેશ પર્યાવરણમાં થાય છે.

આપણા જીવનમાં હવા, પાણી અને વૃક્ષો મહત્વનો ભાગ ભજવે છે. પૃથ્વી પર જીવન જીવવા માટે પર્યાવરણ ખૂબ જ મહત્વનું છે.

પર્યાવરણ વિના જીવન જીવવુ અશક્ય છે. પર્યાવરણને સ્વચ્છ રાખવું જોઈએ. હાલમાં આપણી આજુબાજુમાં જોઈએ તો મોટા મોટા ઉદ્યોગો, કારખાના, કંપનીઓમાંથી તેના રસાયણો, ઝેરી ધુમાડો, કોલસાની ઝીણી રજકણો, રૂની ઝીણી રજકણો આ બધા વગેરે ના કારણે વાતાવરણ પ્રદૂષિત થાય છે. ઘણી વાર કારખાનામાંથી ગંદુ પાણી નદી કે સમુદ્રમાં ઠલવાય છે. આથી પાણી પણ પ્રદૂષિત થાય છે. વાહનોમાંથી નિકળતો ધુમાડો હવાને પ્રદૂષિત કરે છે. પ્લાસ્ટીક બેગનો વધારે પડતો વપરાશ પણ પર્યાવરણ માટે હાનિકારક છે. આ એક ગંભીર વિષય બની ગયો છે.

રૂાજનો માનવી પોતાના મોજશોખની વસ્તુઓ મેળવવા માટે આડેધડ પર્યાવરણનો નાશ કરે છે. પ્રાણીઓનો પણ શિકાર છે. ઘરનું રાચરચિલુ બનાવવા માટે આડએધડ વૃક્ષોને પણ કાપે છે.

વૃક્ષો વધારે પડતા કાપવામાં આવે છે તો સાથે વરસાદનું પ્રમાણ પણ ખૂબ જ ઘટતું જાય છે. વરસાદ ઓછો આવે છે તેના લીધે અનાજનું ઉત્પાદન ઘટતું જાય છે અને પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાય છે. આથી પર્યાવરણને બચાવવા માટે પાણી પ્રદૂષિત, વાયુ પ્રદૂષિત, ભૂમી પ્રદૂષિત અને ધ્વની પ્રદૂષિત વગેરેને અટકાવવા માટે પગલાં લેવા જોઈએ.

• ભાનુબેન

❑

# ખેતીમાં ખેડૂ બહેનો આત્મનિર્ભરતાના પંથે

સદીઓથી કિસાન પરિવાર અને ખેતી પર નભતાં, ભાગવી ખેતી પર નભતાં પરિવારની આજીવિકાનું સાધન ખેતી અને પશુપાલન રહ્યું છે. ખેડૂ આ ધંધાને વિકસાવવા તનતોડ મહેનત રાતદિવસ કરે છે. કહી શકાય કે, કુદરતના આશરે જ હોય છે. પરિણામ પર મોટો મદાર કુદરતની સાનુકુળતા પર આમછતાંય. આ રોજગાર પર મહેનત સામે પરિણામ માટે કુદરત સામે જ મીટ માંડે છે.

પૃથ્વીનું વાતાવરણ રોદ્ર સ્વરૂપ ધારણ કરવાં લાગ્યું છે. અને તેની અસરો પહેલાં લાંબે ગાળે જોવા મળતી. પરતું હવે તો ખૂબ જ ટૂંકા ગાળામાં આ પરિવર્તનો જોવા મળે છે. તેથી કંઈ કળવું કેભાવિ ભાખવું એ ખેડૂના હાથમાં રહ્યું નથી. ત્યારે સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (સેવા) દ્વારા ખેતી ઝુંબેશ ચાલી રહી છે. આપણી આ ઝુબેશનો મુખ્ય હેતુ છે, નાના સીમાંત ખેડૂ બહેનો ભાગવી ખેતી કરતાં બહેનો જળવાયું પરિવર્તનના પડકારો સામે પોતાની ખેતી પશુપાલનની આજીવિકા ટકાવી શકે, પોતાની ઓળખ ખેડૂ તરીકે પ્રસ્થાપિત કરી શકે, ખેતી પશુપાલનના ધંધામાંથી આવક અને રોજગારી પુરતી પ્રાપ્ત કરી શકે, અને દેશના અર્થતંત્રમાં તેમના યોગદાન દ્વારા મજબૂત બનાવે. ખેડૂત મહેનત છતાંય ભૂખ્યો કેમ? આ સવાલના ઉપાયો માટેના પ્રયાસો એટલે આપણી ખેતી ઝુંબેશ.

‘સેવા’નો હંમેશાનો અભિગમ રહ્યો છે તે પ્રમાણે જ ખેડૂ બહેનો પણ સંગઠિત થાય અને ધંધામાં આવતાં નીતિ વિષયક પડકારો જળવાયુ પરિવર્તનની અસરો, મોંઘવારીનો માર, બજારની જટીલતા, સમયસરના ઋતુ પ્રમાણેના રોકાણો માટે જરૂરી મદદ બીજ, ખાતર, બજાર માહિતી/તાલીમ વગેરે મેળવી શકે. સંકલિત અભિગમથી ખેડૂ બહેનો ખેતી અને પશુપાલનને ધંધા તરીકે વિકસાવી શકે તે માટેના પ્રયાસો આપણે ખેતી ઝુંબેશ દ્વારા કરી રહ્યાં છીએ.

ખેતીમાં હવે બહેનો કુદરતી ખેતીને સુપેરે સમજ્યા છે. આથી જ વિવિધ પાકોમાં ઝેરી ખાતર, દવાનો ઉપયોગ કરતાં નથી અને કુદરતી ઉપચારોથી સમગ્ર ખેતીનું આયોજન કરે છે. એટલે કે ઘરનું દેશી ખાતર, પ્રમાણિત બીજ, કુદરતી અને દેશી ઉપચારથી રોગ, જીવાત નિયંત્રણ, ઓછા પાણીએ ખેતી સાથે સાથે આ બધામાં વૈજ્ઞાનિક અભિગમ પણ ખરો જ. ખેડૂ બહેનો પોતે જ ખેતીના તળપદા તાલીમકાર, તેમનું ખેતર ગામ માટે નિદર્શન કેન્દ્ર અને તેમનું મંડળ જ સાધન ઓજારની લાઈબ્રેરી

અને નાણાંકીય વ્યવહારો અને સાક્ષરતાનો વિકલ્પ અને બજાર જોડાણ માટેની સાંકળ છે.


કોરોના મહામારીએ ખેતી પશુપાલનના કામને અટકાવી શક્યું નથી. પડકારો ઘણાં આવ્યાં. ઓછું હોય તેમ મોસમ પરિવર્તનની અસરો પણ ખરી. વારંવાર માવઠું, તીડનો ઉપદ્રવ, રોગ જીવાતનો સામનો, તાઉ તે વાવાઝોડું, અતિશય ઠંડી, અતિશય ગરમી વગેરે વગેરે... નીતિ નિયમોમાં બદલાવ, બજારમાં ઉતાર ચઢાવની અસરો.

સંગઠનમાં બહેનોએ વર્ષ ૨૦૨૧માં ખેતીમાં નવી પહેલ કરી. ખેતીનો ધંધા તરીકે વિકાસ કરવો હોય તો તેને તે નજરે જોવું જ રહ્યું. આ માટે ગહન તાલીમ દ્વારા ખેતીમાં ઝીણવટ ભર્યા મુદ્દાઓ સાથે કાણી ડોલ(લીકીબકેટ)ના ઉદાહરણથી સમજ્યા કે, જેટલો ખર્ચ કરીએ તેની સામે આવક શું? ખેડૂ બહેનોને આ ચિત્ર બરાબર સમજાવ્યું ત્યારે ખેતીના ધંધામાં કરવાં પડતાં રોકાણને બહુ સમજી વિચારીને આયોજન કર્યું છે. એટલે કે, રોકાણ ખર્ચ કેમ ઘટે તેમ ઉપજ સામે આવક વધે આ સાદું ગણિત બહેનો સમજ્યા તેથી જ તેના ઉપાયો વિચાર્યા. ખેડૂ દ્વારા તથા ઉત્પાદન ગ્રાહક સુધી પહોંચે તેની શું સાંકળ છે, તે પણ મહત્વની છે. પહેલાં તો બહેનો ઉધારે બીજ લાવતાં અને વાવેતર કરતાં અને ધિરાણ સામે ઊભો પાક ધરી દેવાતો, પણ હવે બહેનો ઓછા વ્યાજે ધિરાણ મેળવી આયોજન બધ્ધ ખેતી કરવાં લાગ્યાં છે. આફતોનું આગોતરી હવામાનની આગાહી મેળવી આયોજન કરવાં લાગ્યાં છે તેથી હવે જયારે પાક ઉપજે તેને બજારમાં કયા સ્વરૂપે મુકવો તે અંગે પણ વિચારતા થયા છે.

કોઇ પણ ઉપજ મૂળ સ્વરૂપે વેચાય ત્યારે તેનો ભાવ અને તે વચોટિયા મારફતે વેચાય તેના ભાવમાં ફેર હોય છે. ઉપરાંત ઉપજનું વર્ગીકરણ(ગ્રેડિંગ) કરવામાં આવે ત્યારે તેના ગુણવત્તા ઉપર ભાવ મળે પણ, જ્યારે મૂળ ઉપજને તેના પર પ્રક્રિયા કરી ગ્રાહકની જરૂરિયાત પ્રમાણે તૈયાર કરવામાં આવે ત્યારે તેના ભાવ જુદા જુદા હોય છે. તેનું ઉદાહરણ જોઈએ તો ઘઉંને સીધા ગંજબજારમાં વેચાણ કરીએ ત્યાંથી મણનો ભાવ ૭૦૦મળે. તે ગંજબજાર વેપારીને વેચે તેના પરભાવ ચઢે. આ વેપારી આ ઘઉંમાંથી મેંદો બનાવનાર ફેક્ટરીને વેચે. દળેલા ઘઉંના લોટ, મેંદો, સોજી, રવો, ફાડા તરીકે વેચાય. પણ લોટમાંથી વિવિધ વસ્તુ બનાવીને વેચે જેમ કે, બેકરીની વસ્તુઓ બ્રેડ, પાઉં, બિસ્કીટ વગેરે... અને તેમાંથી અલગ અલગ નાસ્તા જેમ કે શક્કરપારા, ખાખરા, પૂરી, રોટલી, નાન, પરોઠા, થેપલા... વગેરે. આમ વસ્તુની પ્રક્રિયા થતા સ્વરૂપમાં ફેર આવે છે, તેમાંથી વેચાણ કિંમત નક્કી થાય છે. આપણા માટે અગત્યનું છે કે, ૧૦૦ માઈલ સુધીની ઉપજનું વેચાણ સ્થાનિક થાય ગામના જ બહેનો તેના પર પ્રક્રિયા કરી માંગ પ્રમાણેની વિવિધ ચીજો બનાવે અને તેનું સ્થાનિક બજાર ઊભું કરે.

આપણે 'સેવા' 'રૂડી' મલ્ટી ટ્રેડીંગ કંપની છે. તેમાં ખેડૂ બહેનો વાવેતર કરે સાથે તેનું બજાર જોડાણ 'રૂડી' જોડે કરે છે. ઉ.દા. તરીકે મસાલા, પાકો, કઠોળ પાકો, ધાન્ય પાકો વગેરે. ઉપરાંત 'રૂડી' દ્વારા ગામમાં પ્રોસેસીંગ કેન્દ્રમાં આ વસ્તુઓનું

## શાકભાજી વેલ્યુ સપ્લાય ચેન – અમદાવાદ



વર્ગીકરણ, દળવું, પેકીંગ વગેરે થાય છે. તેનાથી આવક મળે છે અને સ્થાનિક રોજગારી પણ ઊભી થાય છે.

'ખેતી ઝુંબેશ' હેઠળ દરેક વિસ્તાર પ્રમાણે અલગ અલગ પાકોનું વાવેતર થાય છે. તે વિસ્તારના એક સરખું વાવેતર કરતાં ખેડૂને સંગિઠત કરી તેનો એક સમૂહ રચવામાં આવે છે. અહીં પાકને લગતી તમામ જરૂરિયાતો અને પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવે છે. વળી, ઉપજની ગુણવત્તા સારી થાય તેના પ્રયાસોની સાથે સાથે આગોતરું બજાર આયોજન અને તેના માટે ખેડૂ દ્વારા સોદાબાજી પણ ખરી જ. ઉદાહરણ તરીકે જોઈએ તો બટાકાનું વાવેતર કરતાં આપણા આણંદ જીલ્લાના ખેડૂ બહેનોએ સમૂહમાં બટાકા વાવનાર ૪૦ બહેનોએ તેમની ઉપજનું 'રૂડી'ને સમૂહમાં વેચાણ કર્યું. ૪૦ બહેનોનો કુલ બટાકાનો જથ્થો મોટા ખેડૂતોના જથ્થાથી પણ વધી જાય છે. અને સ્થાનિક ખેતીવાડી બજારમાં પણ વેચી શકે. વળી, આ જથ્થો તેઓ શીતાગાર(કોલ્ડ સ્ટોરેજ) ભાડે રાખીને પણ મૂકી શકે. સીઝને ભાવ વધે ત્યારે તેને વેચી શકે. એકલદોકલ બેન આ બટાકા ક્યાં સંગ્રહી શકે, આ જથ્થાની પહોંચ/રસીદ પર ધિરાણ પણ મેળવી શકે છે.

એવી જ રીતે આપણા સુરેન્દ્રનગર અને પાટણ જીલ્લાના બહેનોએ પણ જીરાનું વાવેતર કર્યું હતું. તેમજ કચ્છના નાના રણના આપણા અગરિયા બહેનોના ઉત્પાદનથી માંડીને વેચાણની વાત કરીએ. એવી જ રીતે કાશ્મીરમાં સફરજન ઉગાડતા ખેડૂ બહેનો વગેરેએ સમૂહ રચી તેમને ઉત્પાદનનું બજાર શોધ્યું અને સમયસર વેચાણ કરી આવક મેળવી. એવી જ રીતે ખેડૂ બહેનો હવે બજારના વિવિધ વિકલ્પો પણ મેળવવા લાગ્યાં છે.

આમ, ખેતીમાં પણ એક ઉદ્યોગનો અભિગમ અપનાવી સમૂહમાં બજાર મેળવે છે. આમ કરવાથી ખેતીમાં રોકાણ ખર્ચમાં ઘટાડો થાય છે અને ઉત્પાદન સામે પૂરતાં ભાવ મેળવે છે. સંગઠનનું આ બળ છે. જેમાં જોખમો વહેંચાય છે અને સોદાબાજી માટેની તક ઊભી થાય છે. છેતરવાનો ભય પણ રહેતો નથી. નાના નાના સમૂહમાં આ લાભાલાભ મળે છે. તો આપણે સૌ ૨૦ લાખ બહેનો મળીને શું ના કરી શકીએ? આપણા ઇલાબેન કહે છે તેમ, ''આપણે ગરીબ છીએ પણ ઘણાં બધા છીએ(We are Poor But So Many).''

આપણે ખેતીમાં વિવિધતાની સાથે ખેતી એક ધંધા તરીકે સ્વીકાર્યો છે. તેમાં નવીનીકરણ કરીએ. સમૂહમાં સોદાબાજી કરીએ. ઉપજનું ગ્રાહક સુધીની યાત્રા એટલે કે વેલ્યુ ચેઈન(કિંમતની સાંકળ) સમજીએ અને વધુને વધુ વિવિધ પાકોના સમૂહ રચીએ.

**– માનસી**

❑

## 'સેવા' પંજાબનો પત્રઃ

**અતિશય ગરમી થી બધુ જ તો બગડી ગયું...**
**ના બચ્યા ઘઉં ખેતર માં**
**ના રહ્યો ચારો પશુઓ માટે...**

ઉપર ના વાક્યો જાણે સઘળો ચિતાર આપે છે. ગરમીનાં અસહ્ય પ્રકોપનો કે ગરમીની ચિનગારીએ કેટલી હદે કયા કયા વર્ગના લોકોને જીવતા શેક્યા એમના જીવન નિર્વાહ માટે.

આ માટે નીચેનું એક ઉદાહરણ પુરતું છે કદાચ...

આ વર્ષે એટલે કે ૨૦૨૨ના ફેબ્રુઆરી મહિનામાં પંજાબના ઘઉંના ખેતરોમાં અસહ્ય ગરમીને કારણે જમીનમાં ભેજનું પ્રમાણ ઘટવાની શરૂઆત થઇ ગઈ એટલે કે જાણે, માર્ચ પહેલા જ ઉનાળો શરુ થઇ ગયો ને પરિણામે ખેડૂતોએ પાક વધુ સુકાઈ જાય તે પહેલા કાપણીની શરૂઆત કરી દીધી. તીવ્ર ગરમી અને સમય પહેલાની કાપણી સ્વાભાવિક રીતે જ ખેડૂતો માટે નુકશાનકારક જ હતી કારણ કે, ઘઉંના દાણાનો પૂરો વિકાસ થયો ના હોય અને એની કાપણી કરવી પડે એટલે પાકનો પુરતો ઉતાર ના જ મળે.

આ ઉદાહરણને ધ્યાનથી વિચારીએ, સમજીએ તો એક સ્વાભાવિક પ્રશ્ન ઉદ્ભવે કે આ નુકશાન કે સમસ્યાનું મૂળ ક્યાં ? કેટલા કારણો જવાબદાર? કોણ જવાબદાર?

સૌ પહેલા તો પંજાબમાં સતત કપાતા રહેતા વૃક્ષો, જેના કારણે હવે ત્યાં જંગલના બરાબર કહી શકાય, તેવા થઇ ગયા અને તેની સીધી અસર હવે ત્યાંના વાતાવરણમાં આવેલા બદલાવ પર અને તેનાથી સૌથી વધુ નુકશાન ખેડૂત અને શ્રમજીવી વર્ગને પહોચ્યું છે.

પંજાબનાં જલંધર જિલ્લાના ટાડા ગામનાં એક ખેડૂતે અંદાજે ૨૫૦ એકર જમીન પર ઘઉંનું વાવેતર કરેલું. માર્ચ મહિનામાં જયારે ઘઉં સમય પહેલાં પાકવા લાગ્યા તો એણે થોડા દિવસ માટે પાકને એમને એમ જ રહેવા દીધો કારણ કે, ઘઉંનો પાક એપ્રિલ મહિનામાં વધુ સારી રીતે તૈયાર થતો હોય છે. વધતી જતી ગરમીને કારણે તેની તમામ ૨૫૦ એકર વાવેતર જમીનમાં રહેલ ઘઉંના પાકમાં અચાનક આગ લાગી અને સુકા ઘાસ સહીત ઘઉંના દાણા પણ બધા બળી ગયા. આખરે તેને મોટું નુકશાન થયું.

આવો જ એક બીજો કિસ્સો પંજાબના બલીયાલ ગામમાં રહેતા રાજેન્દ્રસિંહ છે. તેમનું આખું કુટુંબ ખેતીકામ કરે છે. એમણે ગામે-ગામ જઈ લગભગ ૩૫૦૦ ક્વિન્ટલ સુકું ઘાસ ખરીદી રાખેલું જેથી એને વેચીને થોડીક આવક મેળવી શકે, પણ તીવ્ર ગરમીને કારણે આંખના પલકારામાં એ તમામ ૩૫૦૦ ક્વિન્ટલ સુકું ઘાસ બળીને ખાખ થઇ ગયું.

વધતી જતી અતિશય ગરમીને કારણે આવી જ હતાશ હાલત પશુપાલન કરતી બહેનોની છે. જ્યારે પણ ઘઉંના પાકની કાપણી થતી તો પશુપાલક બહેનો ઘઉંનું ભૂસું પોતાના પશુઓના ખોરાક માટે ભેગું કરતી. પણ, આ વખતે આગ લાગવાને કારણે એમની પાસે ચારાની કમી થઇ ગઈ અને તેની સીધી અસર દુધાળા ઢોરો ના આહાર પર પડી છે. એટલું જ નહી, પરંતુ જેની પણ પાસે થોડો-ઘણો ચારો બચ્યો છે તેઓ ઘણી ઊંચી કિંમતે વેચી રહ્યાં છે જેને ખરીદવાની તાકાત દરેક પાસે હોય તેવી સંભાવના નથી જ.

આવું જ કંઈક પંજાબના મોગા ગામમાં બન્યુ, પોતાના પરિવાર સાથે રહેતાં રાનીબેન સાથે. રાનીબેન બીજાનાં ખેતરમાં મજુરી કરીને જીવનનિર્વાહ કરતાં એક શ્રમજીવી બહેન છે. તે અને તેના પતિ પણ અન્ય મોટા ખેડૂતોને ત્યાં ખેતમજુરી માટે જાય છે. તેઓ કહે છે કે, દર વર્ષે જયારે પણ પાકની કાપણી થાય ત્યારે કાપણી બાદ ઘઉંની નીચે પડેલ સળીઓમાંથી અમે ઘઉંનાં દાણા શોધી શોધીને વીણતાં અને એનો ખોરાકમાં ઉપયોગ કરતાં. પરંતુ, આ વર્ષે ખેતરોમાં લાગેલ આગનાં કારણે ઘઉંના દાણા અને સળીઓ બધું જ બળી ગયું એટલે હવે એમને બજારમાંથી અનાજ ખરીદવું પડશે.

ઉપરોક્ત બધાજ વાસ્તવિક ઉદાહરણોને જોતા અને જે રીતે વર્ષ ૨૦૨૨ની ગરમી શ્રમજીવીઓનાં જીવન પર ભારે પડી છે ,તે જોતા એવું લાગે છે કે આના મૂળ માં માણસ ખુદ જ જવાબદાર છે. આપણે સૌએ પ્રકૃતિ પ્રત્યે ધ્યાન આપવાની સખત જરૂર છે કારણ કે જો આપણે આ રીતે જ કુદરત સાથે છેડછાડ કરતાં રહ્યાં તો આ ધરતી પર માનવજીવન વધુ ને વધુ જોખમ માં પડી શકે છે. પ્રકૃતિની સાથે અંધાધૂંધ વ્યવહારનું પરિણામ આજે આપણા સૌ સમક્ષ રૂબરૂ છે જ.

- **કુલવિંદર કૌર**

❑

**ત્યારે કરીશું શું?**

આજની આત્મવિનાશક મોંઘવારી ની સામે લડીએ.

કેવી રીતે?

ખરીદી ઓછી કરીએ.

વપરાશ ઘટાડીએ.

ભાંગ્યુ તૂટયું સાંધી સુંધી , રીપેર કરીને ફરી વાપરીએ.

ચીજવસ્તુ સહેજ સહેજમાં ફેંકી ન દઈએ.

આટલું તો આપણે કરી શકીશું ને?!

- ઈ.

## અસ ગચ્છવ કામયાબ
## અસ સપદવ કામયાબ

- **"અમે પાર કરીશું......."**

આજે કુપવારા ને ગાંધરબલની બહેનોને દિલ્હીમાં આવકારતા મનમાં અપરંપાર આનંદ થયો. આપ સહજ આ લીટીઓ ગણગણવા લાગી...... અમને કોઈનો ડર નથી, અમને કોઈનો ડર નથી.... અને તોડતોડ કે બંધનો કો દેખો બહેને આતી હૈ...... જાણે આ સંગઠનના ગીતોની વાસ્તવિક ચાડી ખાતા હોય 'સેવા'ના કાશ્મીરના બહેનો.

આજે ૧૦ વર્ષે તેઓ એકલા તેમના ગામથી દિલ્હી આવ્યા!!! સેવા સંગઠન ઝીન્દાબાદ. બહેનો જ બહેનો ને જોડે છે — એકતા અને શાંતિ માટે. નાના અને સિમાંત ખેડૂ બહેનો જે પોતાના વિચારો વ્યક્ત કર્યા.

ગાંધરબલના ખેડૂ ઉલ્ફતબેન કહે છે, "અમે ચાર બહેનોને એક ભાઈ. મારા પપ્પા એક જ કમાનાર હતા. તેમને કામ મળે ના મળે. એટલે હું ૧૦ ધોરણ ભણી પછી મારા પપ્પાએ કહ્યું, હવે હું આગળ ભણવાનો ખર્ચો નહિ ઉપાડી શકું. મેં મનમાં ને મનમાં નક્કી કર્યું કે, મારી નાની બહેનોને તો હું ભણાવીશ. મારા પપ્પાને હું મદદરૂપ થઈશ. પણ કેવી રીતે? કાંઈ સૂઝતું ન હતું. તેવામાં હું એક બપોરે ઉદાસ થઇ વિચારતી હતી ત્યાં મારી સહેલીએ કહ્યું અહીં સલકૂટમાં એક સેન્ટર છે. ત્યાં જઈ તપાસ કર. હું તરત જ ત્યાં ગઈ. બધી બહેનો જ મારા જેવી તાલીમ લેતી હતી. મેં પણ નામ લખાવ્યું. ૪૦ દિવસની સિલાઈ, ભરતની તાલીમ હોય છે. મેં ઘેર આવી વાત કરી. મારા માં-બાપએ કહ્યું આટલા બધા દિવસ અને આવવા-જવાનું ભાડું જ કેટલું થશે. તે ક્યાંથી કાઢવાનું? હું પગે ચાલીને દરરોજ આવું ને જાવ. તાલીમ પૂરી થઇ. મને પ્રોડક્શન સેન્ટરમાં કામ આપ્યું. હું ખૂબ ખુશ હતી. મારું કમાવવાનું સ્વપ્ન સાકાર થઇ રહ્યું છે. પણ એક કુશન ભર્યું તેના મને ખાલી રૂ.૭૦/- મળ્યા. હું ઘેર શું મોઢું બતાવીશ?! ઘરના પણ કહેવા લાગ્યા, કે આ શું? પણ હું સમજી કે મહિનામાં જેટલા વધારે ભરીશ તેટલી વધારે આવક મેળવીશ. ધીરે

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.**

**Ahmedabad P.S.O. 6, 22-6-22**

ધીરે રૂ. ૧૦૦૦/- કમાવા લાગી પછી ૨૦૦૦/- આજે રૂ. ૫૦૦૦/- કમાઉ છું. પહેલાં મારે મંજુરી લેવી પડતી. ક્યાંય પણ જવું હોય તો. આજે મેં કહ્યું દિલ્હી જવાનું છે. તો ખુદ મારા પપ્પા કહે – હાં સામાન બાંધો!"

મારી પણ આપવીતી ઉલ્ફત જેવી જ છે, સુલતાના કહે, મેં ૧૨ ધોરણ ભણીને પછી છોડી દીધું. મારા પિતાજી હજામનું કામ કરે. કોવીડમાં લોકડાઉન તેના લીધે માંડ ૧૦-૧૨ દિવસ કામ મળે. હું શેહજાર સેન્ટરમાં તાલીમ લઈ પ્રોડક્શન કરવા લાગી. ત્યાં મારી મમ્મી એક દિવસ જંગલમાં લાકડા કાપવા ગઈ હતી ને ઝાડ પરથી પડી ગઈ. તેને ત્રણ મહિના નો ખાટલો આવ્યો. માંડ માંડ તો ઘર ચાલતું હતું, તેમાં મારી માં નો દવાનો ખર્ચો. ''ઘરની જવાબદારી મારા ઉપર આવી. હું પ્રોડક્શન કરવા જઈ ના શકું. પણ અમારું બહેનોનું સેન્ટર છે. બહેનોનું મજબુરી, જરૂરિયાત સમજે છે. મને સેન્ટરમાંથી ઘેર કામ કરવા આપ્યું. હું ઘરકામ પણ કરતી ને પછી ભરત ભરતી. મારી માં ની દવા પણ કરવી શકી.'' મેં ખેતીમાં સફરજનને કેવી રીતે ઉતારવાના, એનું ગ્રેડિંગ કેવી રીતે કરવાનું, પેકિંગ કેવી રીતે કરવાનું. હું મારા ગામના અને આસપાસના સફરજનની વાડીવાળા ખેડૂતોને તેની તાલીમ- સમજ આપવા લાગી. ધીરે ધીરે હવે હું જ તેમના સફરજનનું વેચાણ પણ કરું છું.

તો આમનાબેન કહે છે – 'સેવા' તો અમારી છે. અમે બહુ ખુશનસીબ છે કે 'સેવા'માં જોડાયા. જયારે પૂર આવ્યું, કે ૩૭૦ની કલમ હટાવી, કે કોવીડથી લોકડાઉન જયારે-જયારે અમારી હાલત તકલીફમાં હતી ત્યારે કોઈ અમારી પુછપરછ ના કરતાં. ઘણી બધી સંસ્થાઓ કાશ્મીરમાં છે. પણ 'સેવા' હંમેશ અમારી પડખે રહી. ગમે તેવી પરિસ્થિતિમાં અમદાવાદથી આવીને જોડે ઊભા રહે. આ સંગઠનને અમે કદીય ના છોડીએ.

ગાંધરબલના શેહજાર સેન્ટરમાં માસ્ટર ટ્રેનર એવા રુકૈયાબેન કહે, મારી પણ આ બહેનો જેવી જ પરિસ્થિતિ હતી આજથી ૧૦ વર્ષ પહેલા ઘરમાંથી બહાર જવાની જ મંજુરી નહિ. હું મારી માં ને સેન્ટર જોવા લઈ ગઈ. પછી મારી દાદીને. એમને જોયું કે અહીં તો બધી જ બહેનો છે. બધી બહેનો કામ શીખે છે. મને જવા દીધી. પછી હું મારી સહેલી ને લાવી, મારી ચચેરી બહેનને લાવી એમ બધા ને લાવી. તો ધીરે ધીરે પરિવારનો વિશ્વાસ બંધાયો કે દીકરીઓ ક્યાંય જતી નહિ રહે કે, કોઈ ખોટું કામ નહિ કરે.

માસ્ટર ટ્રેનર તરીકે અત્યાર સુધીમાં મેં ૪૦૦૦ બહેનોને તાલીમ આપી છે. કોઈ પોતાનું બુટીક ખોલ્યું છે, કોઈએ સિલાઈ ક્લાસ ખોલ્યા છે. આ જોઈ મને બહુ આનંદ ને સંતોષ થાય છે. હવે અમારો પરિવાર પણ સાથ આપે છે. આ તો અમારું સંગઠન છે.

'સેવા' સંગઠન ઝીન્દાબાદ! આ ખુમારી વળી બહેનો 'સેવા'ને કાશ્મીરમાં મજબૂત રાખશે.

• **રીમા**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6, 22-6-2022**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001